श्री सनातन धर्माय नम:

શ્રી ક.ક. પાટીદાર સનાતન ધર્મ જાગૃતી સમીતી.
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યા સંકુલ, અમદાવાદ રોડ, દાનસુરા – ૩૮૩ ૩૮૭ જી. સાબરકાંઠા ગુજરાત.

પ્રતિ,
પ્રમુખ શ્રી, મંત્રીશ્રી,
શ્રી ક.ક.પા. યુવક સંઘ,
વિદ્યાર્થી ભવાન,
નખત્રાણા,
ભુજ કચ્છ, ગુજરાત.

વિષય: યુવા સંઘને સનાતન ધાર્મીક સમાજના રક્ષણાર્થે હાકલ.

લગભગ પંદરમી સદી દરમ્યાન આપણા વડિલોની ગુજરાત વસવાટ દરમ્યાન ઈમામશાહ પીર પ્રેરીત મુસલીમ આચરણોથી ભેળસેળવાળા સતપંથ ધર્મની દીક્ષા આપવામાં સફળતાં મળતાં આપણી જ્ઞાતિ ત્યારથી સતપંથ ધર્મને અનુસરવા લાગ્યો. સમયના વહેણ સાથે આપણા વડિલોએ અપનાવે સતપંથ આચરણોથી, શુદ્ધ હિન્દુધર્મિ દ્વારા તિરસ્કૃત થતાં આપણા વડિલો ગુજરાતથી કચ્છ માટે સ્થળાંતરીત થયા અને ત્યાં કાયમનો વસવાટ કર્યો. અહીં પણ હિન્દુ ધર્મિના તિરસ્કારથી આપણે બકાત ન રહેતાં પરિસ્થિતી એમજ રહી. વર્ષો પહેલાં આપણા સદ્‌નશીબે પુજ્ય વડિલ નારાણ રામજી લીંબાણીએ સતપંથ વિરુધ સખત વિરોદ્ધ કરી હિન્દુ ધર્મમાં તેમણે તેમની સાથેના સાથીઓ સહ શુદ્ધિકરણ કરાવી સનાતન ધર્મને અંગીકાર કરેલ જેના પરિણામે આપણી જ્ઞાતિનો વિશાળ સમુદાય આ માર્ગ અપનાવા ધન્યભાગ્યી થયો. અને આપણે વર્તમાને ગર્વથી હિન્દુ રહી શક્યા. આ ચળવળ જ વર્તમાન સનાતન સમાજ જે શ્રી અખીલ ક.ક.પા.સમાજના નામથી ઓળખય છે તેની જન્મદાતા છે. તેમાં કોઇ શંકાને સ્થાન જ નથી.

સતપંથ સમાજ કોઇ પણ સંજોગોમાં મૃત્યુબાદની દફનવિધિને અને ઈમામશાહબાવાને તિલાંજલી આપવા માગતોજ નથી તે તેઓના આજના આચરણોથી સ્પષ્ટ જ છે. અને આ સનાતન સમાજને અસ્વિકાર્યય જ છે.હિન્દુ ધર્મને પણ અસ્વીકાર્યય જ છે. આ આચરણો બન્ને સમાજોના એકરસ ન થવાનું મહત્વનું કારણ છે.

છેલ્લા ઘણા સમયથી સતપંથી ભાઇઓ તરફથી અનેક કેસ–કબાલા આપણા અનેક સનાતની ભાઇઓ પર દાખલ કરી નાહાક ત્રાસ અપવના પ્રયતનો કરવામાં આવેલ છે જેની ફરીઆદો આપણી કેન્દ્રીય, અખીલ ક.પા. સમાજને–નાખત્રાણા મુકામે કરવામાં આવેલ છે. આટલું જ નહીં પીરાણા સતપંથીઓ અને તેમના આજના કહેવાતા ધર્મગુરુઓ આપણા સમાજમાં રહીને ઠેરઠેર શિબિરો ભરી આપણી જ સમાજના ભાઇ–બહેનોને એન કેન પ્રકારે સહદબાણ વ્યવસ્થિત, પોતે અજાણ રહેવાના સ્વાંગ સાથે, ધર્માંતર કરાવી પીરાણા સતપંથી બનાવી રહા છે. કોઇ અકળ કારણો વસાત આપણો સનાતન સમાજ આ બાબતે નિષક્રિય જ રહે છે. આ ન સમજાય તેવું છે પણ વાસ્તવિકતા છે.

હાલમાં આપણી સનાતન સમાજના ભાઇઓ દ્વારા તા. ૪–૮–૨૦૦૯ના કેન્દ્રીયી સમાજને લખાયેલ પત્ર બાબત જાગેલ લોક જુવાળથી આપ પરિચિત હશો જ. તેવીજ રીતે આપશ્રીને એ પણ જાણ છે કે આપણી કેન્દ્રીય સમાજ આગામી ૨૦૧૦ માં સનાતન સમાજની સ્થાનાને ૫૦ વર્ષ પુરા થતાં હોવાથી સ્વર્ણીય મહોત્સવ ઉજવવા જઇ રહ્યો છે. આવા સમયમાં કેન્દ્રીય સમાજના હોદ્દેદારો કેન્દ્રીય સમાજની સ્થાપનાના મુખ્ય હેતુઓ, ઉદ્દેશો અને પીરણા સતપંથ મતથી અલગ થઇ ને જે મુળ સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની રચના થઇ હતી તે જ ધર્મને અનુસરતા સમાજના સનાતની ભાઇઓની લાગણીઓની એજ સમાજના હાલના હોદ્દેદારો દ્વારા બધી રીતે ઉપેક્ષા થતી હોય તે યથાર્થ નથી જ. ન્યાયી પણ નથી જ. આ બાબતે કન્દ્રીય સમાજની અસ્પષ્ટ

You can resize and move this box in any PDF Application like Adobe Acrobat Reader.

No specific pages. See whole book.
References by: RealPatidar.com

श्री सनातन धर्माय नम:

શ્રી ક.ક. પાટીદાર સનાતન ધર્મ જાગૃતી સમીતી.
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યા સંકુલ, અમદાવાદ રોડ, દાનસુરા – ૩૮૩ ૩૮૭ જી. સાબરકાંઠા ગુજરાત.

પ્રતિ,
પ્રમુખ શ્રી, મંત્રીશ્રી,
શ્રી ક.ક.પા. યુવક સંઘ,
વિદ્યાર્થી ભવાન,
નખત્રાણા,
ભુજ કચ્છ, ગુજરાત.

વિષય: યુવા સંઘને સનાતન ધાર્મીક સમાજના રક્ષણાર્થે હાકલ.

લગભગ પંદરમી સદી દરમ્યાન આપણા વડિલોની ગુજરાત વસવાટ દરમ્યાન ઈમામશાહ પીર પ્રેરીત મુસલીમ આચરણોથી ભેળસેળવાળા સતપંથ ધર્મની દીક્ષા આપવામાં સફળતાં મળતાં આપણી જ્ઞાતિ ત્યારથી સતપંથ ધર્મને અનુસરવા લાગ્યો. સમયના વહેણ સાથે આપણા વડિલોએ અપનાવે સતપંથ આચરણોથી, શુદ્ધ હિન્દુધર્મિ દ્વારા તિરસ્કૃત થતાં આપણા વડિલો ગુજરાતથી કચ્છ માટે સ્થળાંતરીત થયા અને ત્યાં કાયમનો વસવાટ કર્યો. અહીં પણ હિન્દુ ધર્મિના તિરસ્કારથી આપણો બકાત ન રહેતાં પરિસ્થિતી એમજ રહી. વર્ષો પહેલાં આપણા સદ્નશીબે પુજ્ય વડિલ નારાણ રામજી લીંબાણીએ સતપંથ વિરુધ સખત વિરોદ્ધ કરી હિન્દુ ધર્મમાં તેમણે તેમની સાથેના સાથીઓ સહ શુદ્ધિકરણ કરાવી સનાતન ધર્મને અંગીકાર કરેલ જેના પરિણામે આપણી જ્ઞાતિનો વિશાળ સમુદાય આ માર્ગ અપનાવા ધન્યભાગ્યી થયો. અને આપણે વર્તમાને ગર્વથી હિન્દુ રહી શક્યા. આ ચળવળ જ વર્તમાન સનાતન સમાજ જે શ્રી અખીલ ક.ક.પા.સમાજના નામથી ઓળખય છે તેની જન્મદાતા છે. તેમાં કોઇ શંકાને સ્થાન જ નથી.

સતપંથ સમાજ કોઇ પણ સંજોગોમાં મૃત્યુબાદની દફનવિધિને અને ઈમામશાહબાવાને તિલાંજલી આપવા માગતોજ નથી તે તેઓના આજના આચરણોથી સ્પષ્ટ જ છે. અને આ સનાતન સમાજને અસ્વિકાર્યય જ છે.હિન્દુ ધર્મને પણ અસ્વીકાર્યય જ છે. આ આચરણો બન્ને સમાજોના એકરસ ન થવાનું મહત્વનું કારણ છે.

છેલ્લા ઘણા સમયથી સતપંથી ભાઇઓ તરફથી અનેક કેસ–કબાલા આપણા અનેક સનાતની ભાઇઓ પર દાખલ કરી નાહાક ત્રાસ અપવના પ્રયતનો કરવામાં આવેલ છે જેની ફરીઆદો આપણી કેન્દ્રીય, અખીલ ક.પા. સમાજને–નાખત્રાણા મુકામે કરવામાં આવેલ છે. આટલું જ નહીં પીરાણા સતપંથીઓ અને તેમના આજના કહેવાતા ધર્મગુરુઓ આપણા સમાજમાં રહીને ઠેરઠેર શિબિરો ભરી આપણી જ સમાજના ભાઇ–બહેનોને એન કેન પ્રકારે સહદબાણ વ્યવસ્થિત, પોતે અજાણ રહેવાના સ્વાંગ સાથે, ધર્માંતર કરાવી પીરાણા સતપંથી બનાવી રહા છે. કોઇ અકળ કારણો વસાત આપણો સનાતન સમાજ આ બાબતે નિષક્રિય જ રહે છે. આ ન સમજાય તેવું છે પણ વાસ્તવિકતા છે.

હાલમાં આપણી સનાતન સમાજના ભાઇઓ દ્વારા તા. ૪–૮–૨૦૦૯ના કેન્દ્રીયી સમાજને લખાયેલ પત્ર બાબત જાગેલ લોક જુવાળથી આપ પરિચિત હશો જ. તેવીજ રીતે આપશ્રીને એ પણ જાણ છે કે આપણી કેન્દ્રીય સમાજ આગામી ૨૦૧૦ માં સનાતન સમાજની સ્થાનાને ૫૦ વર્ષ પુરા થતાં હોવાથી સ્વર્ણીય મહોત્સવ ઉજવવા જઇ રહ્યો છે. આવા સમયમાં કેન્દ્રીય સમાજના હોદ્દેદારો કેન્દ્રીય સમાજની સ્થાપનાના મુખ્ય હેતુઓ, ઉદ્દેશો અને પીરણા સતપંથ મતથી અલગ થઇ ને જે મુળ સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની રચના થઇ હતી તે જ ધર્મને અનુસરતા સમાજના સનાતની ભાઇઓની લાગણીઓની એજ સમાજના હાલના હોદ્દેદારો દ્વારા બધી રીતે ઉપેક્ષા થતી હોય તે યથાર્થ નથી જ. ન્યાયી પણ નથી જ. આ બાબતે કન્દ્રીય સમાજની અસ્પષ્ટ

નિતિઓને કારણે સનાતન સમાજની સાચી ઓળખ ઉપર પણ એક મોટો પ્રશ્ન આવી પડ્યો છે.

સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત જન સમુદાય (૧) એક જ ધર્મ પાળતો હોય. (૨) એક જ આચાર-રીતરીવાજ-ધર્મને ને અનુસરાતો-આચરતો-વરેલો હોય.(૩) એક જ રીત રીવાજ પાળતો હોય. આનો ઉલેખ્ખ ઇન્ટરનેટમાં ગુજરાતી લેક્સીકોન ડોટકોમમાં પણ સવિસ્તાર કરેલ છે.

આજે કેન્દ્રીય સમાજ સ્વર્ણીય મહોત્સવ ઉજવવા જઇ રહ્યો છે તેનો સીધે સીધો અર્થ એજ થાય છે કે આજની આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૧૯૬૦ માં કરવામાં આવી. તો શું તે પહેલાં આપણે સમાજ વિહોણા હતા? નોતા તો તે કઇ સમાજ હતી જેમાં આપણે બધા સંકળાએલા હતા? તો જવાબ મળશે એક જ કે આપણે સૌ ઇમામશાહ દ્વારા પ્રેરીત-દિક્ષીત પીરાણા સતપંથ સમાજમાં સંકળાયેલા હતા. હવે જરાક ઉંડા ઉતરીને પોતાની જાતને પુછો કે:(૧) ૫૦ વર્ષ પહેલાં તે પીરાણા સતપંથ ધર્મને ત્યજીને તે સમયના વડિલોને આજની કેન્દ્રીય સમાજની સ્થાપના શા માટે કરવી પડી? શું એટલા માટે કે ૫૦ વર્ષ પછી એજ સમાજના હોદ્દેદારો પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપે? શું એટલા માટે કે સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની રચના થઇ હતી તેને અનુસરતા સનાતની ભાઇઓની લાગણીઓની બધી રીતે ઉપેક્ષા કરવામાં આવે? આગળ જણાવેલ સમાજની વ્યાખ્યા પ્રમાણે ધર્મ અને સમાજ જુદા નથી અને હોઇજ ન શકે? ધર્મથી સમાજ છે અને સમાજથી ધર્મ છે. ધર્મ અને સમાજને અલગ કઇ રીતા પડી શકો? અને એક સમાજમાં બે જુદા જુદા આચર-રીત-રીતવાજ-સિદ્ધાંતવાળા લોકોને સમાવવાનો પ્રશ્ન જ કેવી રીતે શક્ય બને? તો પછી કેન્દ્રીય સમાજને સતપંથ સમાજ પક્ષે સહકારી થવાનો સવાલ જ ક્યાં રહે છે? પણ વાસ્તવિક્તા દુ:ખદ જ છે.

આજે તમે તમારી જાતને પ્રશ્ન કરો અને પુછો કે આપણી આજની કેન્દ્રીય સમાજની સ્થાપના કેવા સંજોગોમાં કેવા સંદર્ભો ને ધ્યાનમાં રાખીને કેવા વડિલોએ કરી હતી? તમને તેનો એક માત્ર જવાબ મળશે કે પીરાણા સતપંથ ધર્મથી અલગ પડીને મુળ સનાતન ધર્મનો અંગીકાર કરેલ વડિલો દ્વારા સનાતન ધર્મને વરેલ લોકોના હીતોની રક્ષા કરવા માટે જ આ સમાજની સ્થાપના કરવામાં આવી હતી.

આપણે ભૂતકાળ જોઇશું તો જ્યારે જ્યારે સુધારાનો પવન આપણી જ્ઞાતિમાં ફુંકાયેલો છે ત્યારે ત્યારે તે સમયના યુવક મંડળો એ પ્રસંસનીય કામગીરી બજાવેલી તેના અસંખ્ય પુરાવા ઓ જેવાકે કરાંચીની પરિષદો, મુંબઇની પરિસદો તેમજ કચ્છ ગામ વીરાણીની પરિષદો ના પ્રકાશીત થયેલ અહેવાલોથી માહિતગાર થવાય છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાડીદાર યુવા સંઘના આપ વર્તમાન પ્રમુખ છો. આ યુવા સંઘની જ્યારે સ્થાપના થઇ ત્યારે તેના પાંચ ઉદ્દેશો પૈકી એક ઉદ્દેશ એ છે કે આપણી જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર કરવો અને સનાતન ધર્મના પ્રચાર કાર્યમાં આપણી કેન્દ્રીય સમાજે દરેક રીતે મદદરૂપ થવું.

તા.૨૩-૦૩-૧૯૨૬ ના કરાંચી મુકામે પુ.મુ.શ્રી નારાણજીબાપાના વખતમાં બોલાવવામાં આવેલ શ્રી કચ્છ કડવા પટીદાર પરિષદમાં પણ શ્રી કચ્છી કડવા પટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશો અને નિયમો પૈકી પહેલો ઉદ્દેશ અક્ષરસ રજુ કરવાનું મન થાય છે. આપણી સમસ્ત-કડવા-લેવા- પાટીદાર જ્ઞાતિથી આપણાને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી આપણાને ટાળી દેનાર પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી નાબુદ કરવા અને કોઇ પણ જોખમે અને ખરચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ મંડનો મુખ્ય ઉદ્દેશ છે.

કરાચી મુકમે કચ્છ કડવા પાટીદાર પરિષદની બીજી બેઠકમાં તા. ૯-૧૦-૧૯૨૨ ને સોમવાર ના ૯મો ઠરાવ અક્ષરસ નીચે મુજબ પાસ કરવામાં આવેલ.

" આપણા સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિથી આપણાને તદ્દન અલગ બનાવી દેનાર અને આપણાને સનાતન ધર્મથી વિમુખ કરનાર ન હિન્દુ ન મુસલમાન એવા અર્ધદગ્ધ પીરાણા કબ્રસ્તાની પંથને લઇને હિન્દુપણામાંથી ટાળી દેનાર ઘણા રીતરીવાજો આપણી જ્ઞાતિમાં દાખલ થતા આવ્યા છે. એટલા માટે આપણી જ્ઞાતિમાંથી એ પંથનો નાસ કરવાના દરેક ઉપયો જલદી લેવાની જરૂર છે. જેથી આ સભા દરેક જ્ઞાતિ ભાઇને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે કે પીરાણા પંથનો જલદી ત્યાગ કરવો અને કરાવવો તેમજ કોઇએ પીરાણાની અમી કે નુરની ગોળી પીવી નહીં અને પીરાણા ના દશોંદ વિશોંદ જેવા કોઇ જાતના લાગા આપવા નહીં તેમજ

પીરાણા સૈયદો કિંવા કાકાઓ સાથે કોઇ પ્રકારનો સંબંધ રાખવો નહીં અને તેમને આશ્રય આપવો નહીં તેમજ જ્ઞાતિમાંથી તેમનો પગ પસેરો જલદી બંધ થઈ જાય એવા દરેક ઉપાયો યોજવા."

શરૂઆતનો સુધારાનો પવન વાવાજોડાની ગતીથી ફુંકાણો અને એના થકી જ્ઞાતિની સારી એવી વસ્તી સમજદારીથી સ્નાતન ધર્મને અપનાવી હિન્દુત્વને પામી. જેના પરિણામે આજે આપણે સ્વમાન સાથે હિન્દુ સમાજમાં ગોર્વવંતુ જીવન પામ્યા. આ માટે આપણે આપણા આધ સુધારકોના ઋણાથી બંધાયલા જ છીએ. તેથીજ આપણી એ ફરજ બને છે કે તેમનું અધુરૂં રહેલ કાર્ય આપણે જકદીથી પુરૂં કરવા આપણી સમસ્ત જ્ઞાતિ સનાતન ધર્મ ન અપનાવે ત્યાં સુધી આપણે સૌએ અવિરત પ્રયત્નશીલ જ રહેવું અને અહીં જ આપ સૌ યુવાનો એ આમ કરવામાં કમર કસવાની રહે છે જેમાં અમને આશા જ નહીં પણ દ્રઢ વિશ્વાસ છે કે આપ સમસ્ત ભારતના સનાતની યુવા ભાઇ-બહેનો જરા પણ ઉણા નહીં ઉતરો. આપણે નિષ્ઠાપૂર્વક આ કાર્ય માટે લાગી જવાનું છે. ઈશ્વર સફળતા અચૂક આપશે જ. ઉમિયા માતજીના પણ આશિષ આપણા પર વર્ષે જ છે. યુવાધન એ સમાજનો અનિવાર્ય પ્રાણ છે. આ કાર્ય માટે ખરા હ્રદય પૂર્વકનો આ સમિતીને આપ સૌ યુવાઓનો સાથ છે જ એ અમારો અચળ વિશ્વાસ છે.

છેલ્લે સંક્ષેપે સતપંથી દ્વારા સતત થઇ રહેલ વિવિધ રીતની પજવણીની તેમજ કેન્દ્રીય સમાજની આ માટેની ઉદસીનતા જેવી કપરી પળોમાં ઉપરોક્ત સમિતી, સનાતન સમાજના યુવા વર્ગ પાસેથી તેમના હર્દિક સાથ સહાકારની આશા રાખે તે અસ્થાને ન જ કહેવાય. અને આમ કરવું શું યુવાનોની નૈતિક જવબદારી નથી? આપ સૌ યુવા ભાઇ-ભહેનો સનાતન સમાજના અવિભાજ્ય અંગ છો. તો સનાતન સમાજીઓના ઉજ્જવળ ભાવીની અપેક્ષા સાથે આપ સૌના સહકારની નિશ્ચિંતા સેવતા. -અસ્તુ.

શ્રી ક.ક. પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમીતી વતી,
રમેશભાઇ માવજીભાઇ વાગડીયા,
પત્ર વ્યહવારનું સરનામું:
R.M. PATEL & cO.,
Chartered accountants,
350/1 Nayandahalli,
Mysore Road,
Banglore-560039.

શ્રી ઉમીયાય નમઃ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ

— તદર્થ સમિતિ —

નિવેદન

યુવક મિત્રો,

આપણો સમાજ ધંધાકિય અનુકૂળતાઓને લઇને ગુજરાતના કચ્છ, સાબરકાંઠા જીલ્લા સિવાય ભારતના જુદા જુદા પ્રાંતોમાં વસવાટ કરે છે. વડિલોના અથાગ પરિશ્રમ અને પ્રામાણિકતાને લઇને આર્થિક ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ કરેલ છે. અને પ્રાતઃસ્મરણિય પુ. નારાયણબાપાની જાગૃતિ તેમજ પુ. ઓધવરામજી મહારાજની પ્રેરણાથી ધાર્મિક અંધશ્રદ્ધામાંથી મુક્તિ મેળવી તે દિશામાં પણ સારી જાગૃતિ આવેલ છે. શિક્ષણ ક્ષેત્રમાં છેલ્લા બે દાયકામાં ઠીક પ્રમાણમાં પ્રગતિ થઈ ગણાય. કન્યા કેળવણી બાબતમાં અગ્રસર થવાના પ્રયાસ થઈ રહ્યા છે. શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમાજ તરફથી નખમાણા-કચ્છ, ભૂજ-કચ્છ તેમજ ધનસુરા-સાબરકાંઠા મુકામે છાત્રાલયો ઉભા કરવામાં આવેલ છે. વધુ છાત્રાલયો માટે વિચારણા ચાલે છે.

આપણા સમાજને વસવાટની દૃષ્ટિએ મુખ્યત્વે (૧) કચ્છ, (૨) સાબરકાંઠા-ગુજરાત, (૩) બીજા પ્રાંતો. આમ ત્રણ ભાગમાં વહેચાયેલ છે એમ કહી શકાય, છતાં બધે કચ્છી કડવા પાટીદાર તરીકે પોતાને ઓળખાવીએ છીએ. સામાન્યત સામાજીક રીતે એક જ સમાજના નેજા હેઠળ બંધાયેલ રહીએ છીએ. એ આપણા સમાજના સંગઠન માટે ગૌરવનો વિષય જણાય. સામાજીક કાર્યો કરવા માટે દરેક જગ્યાએ નાના યા મોટા સ્વરૂપે સમાજો સ્થપાયેલ છે.

યુવકોના સંગઠન રૂપે દરેક જગ્યાએ યુવક મંડળો પણ અસ્તીત્વ ધરાવે છે. મુખ્યત્વે નીચે મુજબની પ્રવૃત્તિઓ પોતાની રીતે ચલાવે છે. (૧) ધાર્મિક ક્ષેત્રે—મંદિરોના ઉદ્દઘાટન કે ધાર્મિક ઉત્સવોમાં સ્વયંસેવક તરીકે સેવા આપવી, ઉત્સવો યોજવા અને ભાગ લેવો. (૨) સામાજીક ક્ષેત્રે—લગ્ન વિવાહ, ભોજન સમારંભ કે અન્ય પ્રસંગે વ્યવસ્થાદિમાં સેવા આપવી. (૩) શૈક્ષણિક ક્ષેત્રે—પુસ્તકાલય ચલાવવું, શિષ્યવૃત્તિઓ આપવી, ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવી અને પર્યટન યોજવા વિ. (૪) શારીરિક ક્ષેત્રે—રમતગમતો યોજવી અને વ્યાયામ વિ. પ્રવૃત્તિઓ ચલાવે છે.

આ રીતે વિખરાયેલ યુવક શક્તિ એકત્ર થઈ પરસ્પરના સંપર્કમાં આવી. સળંગ સાંકળરૂપ બની, સામાજીક સારા કાર્યોમાં પોતાની સંયુક્ત શક્તિ કામે લગાડે અને નઠારા કાર્યોને વખોડી તેનો સામનો કરે અને પરસ્પર સહકારની ભાવના કેળવી મદદરૂપ થવાય આવા શુભાશયથી પ્રેરાઈ શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાએ અથાગ પરિશ્રમ ઉઠાવી દેશના જુદા જુદા સ્થાનોના મંડળોનો સંપર્ક સાધી, તેમના મંતવ્ય જાણી મંડળોના પ્રતિનિધિઓની એક સભા તા. ૨૩, ૨૪ અને ૨૫ ડીસેમ્બર '૭૨ ના કલકત્તા મુકામે બોલાવેલ. આ સભામાં ૨૨ મંડળના પ્રતિનિધિઓએ ભાગ લીધેલ.

કલકત્તા મધ્યે પ્રતિનિધિ સભાની કાર્યવાહી.

૧ આવેલ પ્રતિનિધિઓની પરિચયવિધિ અને સ્વાગત.

૨ આવેલ પ્રતિનિધિઓએ પોતાને ત્યાંની યુવક પ્રવૃત્તિ તેમજ તેમના વિચારો જણાવેલ.

૩ યુવકોમાં પરસ્પર એકતા કેળવાય તે હેતુથી અખિલ ભારતીય યુવક સંગઠન હોવું જોઈએ તેવા વિચારો દરેકે વ્યક્ત કરેલ અને આ માટે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાએ એકતા માટે કરેલ સુપ્રયાસોને બિરદાવેલ અને સંપૂર્ણ ટેકો જાહેર કરેલ.

૪ દરેક જગ્યાના પ્રતિનિધિઓએ પોતાના પ્રસ્તાવો ચર્ચા માટે રજૂ કરેલ અને નીચે મુજબના પાંચ પ્રસ્તાવો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

ઠરાવ નં. ૧—"અખિલ ભારતીય ધોરણે યુવક સમેલન બોલાવવા સંબંધે." યુવકોમાં પરસ્પર સ્નેહ, સહકાર અને સંગઠનની ભાવના વધારવા અને સમાજમાં ચાલતા કુરિવાજો સામે અવાજ ઉઠાવવા યુવક સંમેલન યોજવું. આ સંમેલન સં. ૨૦૩૦માં કચ્છ મધ્યે નખત્રાણા ગામે યોજવું. સંમેલનનો દિવસ તદર્થ સમિતિ નિર્ણય કરી જાહેર કરશે.

ઠરાવ નં. ૨—"અખિલ ભારતીય ધોરણે યુવક સંગઠનની રચના સંબંધે." અખિલ ભારતીય ધોરણે યુવક સંગઠનની સ્થાપના કરવી. આ સંગઠનનું નામ **શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ** રહેશે. સંઘની રચના માટે સંવિધાન તૈયાર કરવા તેમજ સંવિધાન અમલમાં આવે ત્યાં સુધી કાર્ય ચલાવવા માટે ૩૫ સભ્યોની તદર્થ સમિતિની રચના કરવામાં આવેલ.

ઠરાવ નં. ૩—"શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ ઠરાવોના અમલ કરાવવા સંબંધે." શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ ઠરાવોનો ચુસ્તપણે અમલ થવો જોઈએ. અનિવાર્ય સંજોગોમાં નિયમોનો ભંગ કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય તો તેથી પહેલાં પોતાની સ્થાનીય સમાજ તેમજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની લેખીત મંજુરી મેળવવાની રહેશે. સમાજને કારણો યોગ્ય ન જણાય અને મંજુરી ન આપે તો સમાજના નિયમોનું ઉલ્લંઘન કરવું નહિ. આમ મંજુરી ન મળવા છતાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો સંઘે તેની નોંધ લઈ આગળ યોગ્ય પગલાં લેવાં, અને તેની જાણ સમાજને કરવી.

ઠરાવ નં. ૪—"કન્યા કેળવણી સંબંધે"
સમાજની બહેનોને કેળવણીના પંથે આગળ લાવવા યુવક મંડળોએ ગામેગામ કન્યા કેળવણીનો પ્રચાર કરવો જોઈએ. કન્યા છાત્રાલયોની યોગ્ય સ્થળે વહેલામાં વહેલી તકે સ્થાપના થાય તે બાબત સંઘે સમાજને વિનંતી કરવી.

ઠરાવ નં. ૫—"સનાતન ધર્મનો પ્રચાર અને ધાર્મિક સંગઠન સંબંધે"
સમાજમાં ચાલતી અંધશ્રદ્ધાઓને નાબૂદ કરવા સંઘે સનાતન ધર્મનો પ્રચાર કરવો જોઈએ. યુવકોએ ધાર્મિક ભાવના કેળવવા માટે ધાર્મિક સભાઓ તેમજ સંમેલનોમાં ભાગ લેવો જોઈએ. અખિલ ભારતીય ધોરણે ધાર્મિક સંસ્થાની સ્થાપનાના પ્રયાસો કરવા માટે સમાજને સંઘ વતી વિનંતી કરવામાં આવેલ.

૫ ઠરાવોને અમલી બનાવવા માટે વિચારણા કરવામાં આવેલ, ઠરાવ નં. ૧ અને ૨ સંગઠનને લગતા છે. આ માટે દરેક યુવક મંડળોએ પ્રચાર કરવો એમ નક્કી કરવામાં આવેલ. તે માટેની ૩૫ સભ્યોની તદર્થ સમિતિ દેશમાંથી નીચે મુજબના મુખ્ય સાત વિભાગો પાડી નક્કી કરવામાં આવેલ.

(૧) પૂર્વ ભારત, (૨) મધ્ય ભારત, (૩) ઉત્તર ભારત, (૪) દક્ષિણ ભારત, (૫) મહારાષ્ટ્ર, (૬) કચ્છ, (૭) કચ્છ સિવાય ગુજરાત. ઠરાવ નં. ૩, ૪ અને ૫ સંસ્થાના પ્રાથમિક કાર્ય તરીકે સ્વીકારેલ છે તે મુજબ સંઘના સાંગઠનિક કાર્યની સાથે આ કાર્યક્રમને પણ અમલી બનાવવા પ્રયત્ન કરવાના રહેશે એમ નક્કી કરવામાં આવેલ.

૬ ઉપરોક્ત પાંચ ઠરાવો ઉપરાંત ઘણી બાબતો ઉપર ચર્ચા અને વિચારણા કરવામાં આવેલ તેમાં મુખ્યત્વે (૧) આપણા સમાજની બહેનો–કન્યાઓ ઉંઝા, પાટણ (ઉત્તર ગુજરાત) આપવામાં આવે છે. તે આપવાના કારણો ત્યાં આપ્યા બાદ ત્યાંની હાલત, ત્યાંની સામાજીક પરિસ્થિતિનો અભ્યાસ કરવા અને આવી રીતે થતા કન્યાવિક્રયને સદંતર બંધ કરવા. આ વિષયમાં ભાગ ભજવનાર વ્યક્તિઓને ઉઘાડા પાડવા માટે યુવક સંઘે સમાજને ઘટતું કરવા કહેવું અને તે કાર્યમાં મદદરૂપ થવું. (૨) સમાજમાં ખાસ કરીને બહેનોમાં છાપ (દેણકી)ની માન્યતા રૂઢ થયેલ છે અને આ માન્યતાને સગપણ વિવાહના સંબંધો બાંધતી વખતે અગત્યતા આપવામાં આવે છે. પરિણામે સારી સારી કન્યાઓના સગપણ કરવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. આ બાબત અંગે યુવકોએ ખાસ લક્ષ આપવાનું છે અને આ છાપની માન્યતા શું છે? કેટલે અંશે સાચી છે? તે માટે વિચારણા, સંશોધન (Research) કરવાનું છે. આ બાબત વખતોવખત યુવકોએ ચર્ચાનો વિષય બનાવી અને માન્યતાને નાબૂદ કરવા–કરાવવા પ્રયત્ન કરવા જોઇએ. (૩) તેવી જ રીતે મામા, માસી, મેલી વિ.ની માન્યતા અંગે પણ તપાસ સંશોધન કરવાની જરૂર છે.

૭ તદર્થ સમિતિની પ્રથમ સભા પૂના (મહારાષ્ટ્ર)ના યુવક મંડળના આમંત્રણને માન આપી પૂના મુકામે તા. ૨૭–૨–૭૩ થી તા. ૧–૩–૭૩ના બોલાવવાનું નક્કી કરવામાં આવેલ.